RNI No.: GUJGUJ/2014/59295

www.janfariyadnews.com

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

E mail - prdpraval@yahoo.co.uk

Editor : Pradip A. Raval (Mo) 98246 53073 Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

Volume : 10 Issue No. 216 Date: 27.05.2024 Monday Page :04 Rs. 1.00/- Annual Rs. 351/-

## ગુજરાતમાં પાંચ વર્ષમાં આગની વિવિધ ઘટનામાં ૩૧૭૬ લોકોના મોત




ગુજરાતમાં આગને કારણે દ્રઝઈમ્નો જે ડેટા સામે આવ્યો છે તેમાં ચિંતાજનક અને ચોકાવનારા ખુલાસા થયા છે. રાજ્યમાં છેલ્લા પાંચ વર્ષમાં આગને કારણે ૩૧૭૬ લોકોના મોત થયા હોવાનો દ્રઝઈમ્ના ડેટામાં ખુલાસો થયો છે. રાજ્યમાં આગની ૩૧૦૦થી વધુ ઘટના બની છે.ગુજરાતમાં આગથી થતા અકસ્માતમાં થતા મૃત્યુના આંકડા ચોંકાવનારા અને ચિંતાનજક છે. દ્રઈઝમ્ દ્વારા આગથી થતા અકસ્માતમાં વર્ષ ૨૦૧૮થી ૨૦૨૨ દરમિયાન આગને કારણે ૩૧૭૬ લોકોના મોત થયા છે. છેલ્લા પાંચ વર્ષમાં આગથી થતા અકસ્માતની ૩૧૦૦ ઘટનાઓ બની છે. વર્ષ ૨૦૨૧ અને ૨૦૨૨માં આગથી થતા અકસ્માતની ૭૨૯ ઘટનાઓ બની છે. બે વર્ષમાં આગથી થતા અકસ્માતમાં ૭૩૭ લોકોએ પોતાના જીવ ગુમાવ્યા છે. ૨૫ મે-૨૦૨૪, ઈ અગ્નિકાંડ, રાજકોટ : શનિવારે સાંજે નાના-મવા રોડ પર સ્થિત ગેમ ઝોનમાં આ દુર્ઘટના સર્જાઈ ત્યારે બાળકો સહિત ઘણા લોકો રમી રહ્યા હતા. આ માસૂમ બાળકોના માતા-પિતાને ક્યાં ખબર હતી કે, આ બાળકોનું હાસ્ય એક જ ક્ષણમાં ખતમ થઈ જશે. ભીષણ આગે ટીઆરપી ગેમ ઝોનની બે માળની ઈમારતને પોતાની લપેટમાં લઈ લીધી. ઉનાળાની રજાઓ અને વીકએન્ડના ધસારાને કારણે બિલ્ડિંગમાં અંદાજે ૩૦૦ લોકો હાજર હતા જેમાંથી વધુ ૫ડતા બાળકો હતા. શોધ અને બચાવ કામગીરી ચાલુ છે, એક વ્યક્તિ હજુ પણ ગુમ છે. આ દુર્ઘટનામાં ૧૨ બાળકો સહિત ૩૫ લોકોના મોત થઈ ગયા છે. ૩૦ઓક્ટોબર ૨૦૨૨, બ્રિજ દુર્ઘટના, મોરબી : ૩૦ ઓક્ટોબરના રોજ મોરબી બ્રિજ દુર્ઘટનામાં ૧૩૫ લોકોએ જીવ ગુમાવ્યા હતા. કોને ખબર હતી કે એક પુલ થોડી જ સેકન્ડમાં એવી રીતે તૂટી જશે કે લોકોની ખુશી માતમમાં બદલાઈ જશે. મોરબી શહેરમાં રવિવારે સાંજે બનેલી ભયાનક ઘટના છેલ્લા ઘણા વર્ષોમાં ભારતમાં બનેલી સૌથી ખરાબ દુર્ઘટમાંથી એક છે. તેમાં ૧૩૫ લોકોના મોત થયા હતા, જેમાં મોટાભાગે મહિલાઓ, બાળકો અને વૃદ્ધો હતા. ૧૩૭ વર્ષ જૂનો ઝૂલતો પુલ માત્ર પાંચ દિવસ પહેલા સમારકામ બાદ ફરીથી ખુલ્લો મુકાયો હતો.૧૮ જાન્યુઆરી ૨૦૨૩- હરણી બોટ દુર્ઘટના, વડોદરા : ૧૮ જાન્યુઆરી ૨૦૨૩ના રોજ ગુજરાતના વડોદરાના હરણી તળાવમાં વિદ્યાર્થીઓથી ભરેલી બોટ પલટી જતાં ૧૪ વિદ્યાર્થી અને બે શિક્ષકો સહિત ૧૬ લોકોનાં મોત થયા હતા. જ્યારે આ દુર્ઘટના સર્જાઈ ત્યારે બે ડઝન વિદ્યાર્થીઓ અને ચાર શિક્ષકો પિકનિક મનાવી રહ્યા હતા અને હરણી તળાવમાં બોટની સવારી કરી રહ્યા હતા. ૦૧ મે-૨૦૨૧, પટેલ વેલ્ફેર કોવિડ હોસ્પિટલ, ભરૂચ : ભરૂચ ખાતે જંબુસર બાયપાસ રોડ પર આવેલી પટેલ વેલફેર હોસ્પિટલના કોરોના કેર વોર્ડમાં પહેલી મે-૨૦૨૧માં આગ લાગી હતી. આ દુર્ઘટનામાં આઈસીયુ વોર્ડ સુધી આગની લપેટો પહોંચી ગઈ હતી અને હોસ્પિટલ પરિસરમાં ભારે ભાગદોડ મચી ગઈ હતી. દુર્ઘટના અંગે જાણ થતા જ તાત્કાલિક બચાવ કાર્ય શરૂ કરી દેવામાં આવ્યું હતું પરંતુ સમગ્ર દુર્ઘટનામાં ૧૨ દર્દીઓ, સ્ટાફના ૨ કર્મી સહિત ૧૬ લોકોએ પોતાનો જીવ ગુમાવ્યો હતો.૦૬ ઓગસ્ટ-૨૦૨૦, શ્રેય હોસ્પિટલ, અમદાવાદ : અમદાવાદના નવરંગપુરામાં આવેલી શ્રેય હોસ્પિટલમાં ઓગસ્ટ ૨૦૨૦માં આગ લાગવાની ઘટના બની હતી. જેમાં કોરોનાની સારવાર લઇ રહેલા આઠ દર્દીઓના મોત નીપજ્યા હતા. કોરોનાના કાળ દરમિયાન છ ઓગસ્ટ ૨૦૨૦ના રોજ નવરંગપુરામાં આવેલી શ્રેય હોસ્પિટલમાં વેન્ટીલેટરમાં શોર્ટ સર્કિટના કારણે આઇસીયુમાં આગ લાગી હતી. જેમાં કોરોનાની સારવાર લઇ રહેલા આઠ દર્દીઓના મરણ થયા હતા અને અનેક લોકોને ઇજાઓ પહોંચી હતી. ૨૪ મે-૨૦૧૯, તક્ષશિલા-સુરત : સુરતના સરથાણા વિસ્તારમાં કોચિંગ સેન્ટરમાં લાગેલી આગમાં ઓછામાં ઓછા ૨૨ વિદ્યાર્થીના મોત થયા હતા, જ્યારે અનેક ઘાયલ થયા હતા.

## સેક્ટર-૨૭માં સપ્તાહથી હજારો લીટર પાણીનો વેડફાટ છતાં રિપેરિંગ માટે તંત્ર પાસે સમય નથી



એક સપ્તાહ પહેલાં સેક્ટર-૨૭ના ગાયત્રી સોસાયટીમાં ગટરના પાઈપ લાઈન નાંખવાની કામગીરી કરતી વખતે પાણીની પાઈપ લાઈનમાં ભંગાર થયું હતું. પરંતુ તેનું રિપેરીગ કરવામાં નહી આવતા છેલ્લા એક સપ્તાહથી હજારો લીટર પાણીનો વેડફાટ થઇ રહ્યો છે. તેમ છતાં તંત્રને તૂટેલી પાણીની પાઇપ લાઇનનું રિપેરીગ માટે સમય જ નથી તેમ વહી જતા હજારો લીટર પાણી પરથી લાગી રહ્યું છે. ગાંધીનગરને સ્માર્ટસીટી બનાવવા માટે જૂના સેક્ટરોમાં ગટર અને પાણીની નવી પાઇપ લાઇન નાંખવામાં આવી હતી. જોકે પાઇપ લાઇન નાંખ્યા બાદ યોગ્ય રીતે પાણી નાંખીને માટીનું પુરાણ કરવામાં નહી આવતા સેક્ટરોના આંતરિક માર્ગોની હાલત કમરના મણકા ભાંગી નાખે તેવી બની રહી છે. ત્યારે એક સપ્તાહ પહેલાં નગરના સેક્ટર-૨૭ની ગાયત્રી સોસાયટીમાં મકાન નંબર-૪૧૭થી ૩૪૯ સુધી એલ આકાર ગટરની પાઇપ લાઇન ઉંડી નાંખવાની કામગીરી બે માસ પહેલાં કરવામાં આવ્યું હતું. ત્યારબાદ ઘરની આગળ નાંખેલી ગટરની કુંડીમાંથી મેઇન ગટરની કુંડીમાં જોડાણ કરવાની કામગીરી બે માસના લાંબા વિરામ બાદ ગત સપ્તાહમાં એટલે કે તારીખ ૧૭મી, મે-૨૦૨૪ના રોજ કરવામાં આવી હતી. જોકે ગટરના પાઇપ લાઇન નાંખતી વખતે મકાન નંબર-૩૫૬, ૪૨૪, ૪૨૫ ઘરની આગળની પીવાની પાઇપ લાઇન તૂટી ગઇ હતી. તેમ છતાં તૂટેલી પાણીની પાઇપ લાઇનનું રિપેરીગ કર્યા વિના જ પુરાણની કામગીરી કરી દીધી હતી.

જોકે બીજા દિવસે એટલે કે ગત તારીખ ૧૮મી, શનિવારે સવારે પાણી આવતા પાઇપ લાઇનમાં લિકેજ હોવાથી પાણીનો વેડફાટ થતો હતો. જોકે પીવાની પાઇપ લાઇન તૂટી હોવાની મૌખિક જાણ પાણી વિતરણ વિભાગને કરી હતી. તો આ પાઇપ લાઇનનું રિપેરીગ ગટર લાઇનવાળા કરવાનું હોવાથી તેમને જાણ કરી હોવાનો જવાબ મળ્યો હતો. જોકે જેને એક સપ્તાહથી પણ વધુ સમય થવા છતાં હજુ સુધી તૂટેલી પાણીની પાઇપ લાઇનનું રિપેરીગ કરવામાં નહી આવતા દરરોજ હજારો લીટર પાણીનો વેડફાટ થઇ રહ્યો છે. ત્યારે પાણીના વેડફાટને અટકાવવા માટે તંત્ર રિપેરીગનો સમય ક્યારે કાઢે છે તે તો આગામી સમય જ બતાવશે.

## મગફળીના પાકમાં જમીનજન્ય રોગ અને જીવાતનું નિયંત્રણ કરવું જરૂરી



ગાંધીનગર : ગાંધીનગર જિલ્લાના ખેડૂતો દ્વારા પણ ચોમાસા પહેલા ખરીફ પાકના વાવેતર સંબંધે તૈયારીઓ કરી લેવાઇ છે. ત્યારે મગફળીનું વાવેતર કરતા ખેડૂતો માટે વાવણી કરવામાં આવે તેના પહેલા મગફળીના પાકમાં જમીનજન્ય રોગ અને જીવાતના નિયંત્રણ કરવા સંબંધમાં જિલ્લા ખેતીવાડી અધિકારી દ્વારા માર્ગદર્શિકા જાહેર કરવામાં આવી છે. તેમાં જુનાગઢી કૃષિ યુનિવર્સીટીના તજજ્ઞોનો સહકાર પણ લેવામાં આવ્યો છે.મગફળીની વાવણી પહેલા અને વાવણી સમયે લેવાના થતા પગલાં મુજબ ઉચ્ચ ગુણવત્તાવાળું બિયારણ વાપરવા તથા સંપૂર્ણ સડી ગયેલ સેન્દ્રીય ખાતર વાપરવાની સલાહ આપવામાં આવી છે. જમીનજન્ય રોગોના નિયંત્રણ માટે શક્ય હોય તો વહેલું વાવેતર કરવું અને તેના પહેલા ઉનાળામાં ઊંડી ખેડ કરવી જેથી જમીનમાં રહેલ કોશેટા તથા સુષુપ્ત અવસ્થામાં રહેલ પુખ્ત કીટકો એટલે કે ઢાલિયા બહાર આવવાથી સૂર્યના તાપ અને પરભક્ષીઓથી તેમનો નાશ થાય. ઉપરાંત થડનો કોહવારો અને ડોડવાના કોહવારાથી રક્ષણ મેળવવા ટ્રાયકોડર્મા ફુગ આધારીત પાવડર ૨.૫ કિ.ગ્રાને ૩૦૦ થી ૫૦૦ કિલો એરંડાના ખોળ અથવા છાણીયા ખાતરમાં ભેળવી વાવણી વખતે ચાસમાં આપવું. શરૂઆતનો સારો વરસાદ થયા બાદ ખેતરના શેઢા, પાળા પરના બધા ઝાડ ઉપર ક્લોરોપાયરીફોસ ૨૦% ઈ.સી દવા ૧૫ લિટર પાણીમાં ૨૦ મી.લી ઉમેરી આ મિશ્રણનો છંટકાવ કરવો. જેથી ઝાડ પર એકઠા થયેલા ઢાલિયાનો નાશ થાય. આ કામગીરી ત્રણથી ચાર દિવસમાં જ પૂર્ણ કરવી જોઇએ.

## શ્રદ્ધાળુઓથી ભરેલી ઊભી બસને ડમ્પરે અડફેટે લીધી, ૧૧નાં મોત, ૧૦ ઈજાગ્રસ્ત



ઉત્તર પ્રદેશના શાહજહાંપુરમાં એક ભીષણ અકસ્માતની ઘટના બની છે. જેમાં ૧૧ લોકોના મોત થયા છે. શનિવારે રાત્રે ઢાબાની બહાર ઉભેલી વોલ્વો બસ સાથે કોંક્રિટ ભરેલું ડમ્પર ભયાનક રીતે અથડાતા બસ પલટી ખાઈ ગઈ હતી. અકસ્માતમાં બસમાં બેઠેલા ૧૧ લોકોના મોત થયા હતા અને ૧૦ લોકો ઈજાગ્રસ્ત થયા હતા.આ તમામ લોકો સીતાપુરથી પૂર્ણાગિરી (ઉત્તરાખંડ) જઈ રહ્યા હતા. શનિવારે રાત્રે ૧૨.૧૫ કલાકે ભોજન અને નાસ્તો કરવા માટે એક ઢાબા પર રોકાયા હતા, ત્યારે તેજ ગતિએ આવી રહેલા ડમ્પરને બસને ટક્કર મારીને પલટી મારી ગઈ હતી. રાત્રે ૧ વાગ્યા સુધીમાં ડમ્પર નીચેથી નવ મૃતદેહ બહાર કાઢવામાં આવ્યા હતા. જ્યારે અન્ય બે લોકોનું હોસ્પિટલમાં સારવાર દરમિયાન મોત નીપજ્યું હતું.

સૂત્રો પાસેથી મળતી વિગતો મુજબ ૧૦ ઈજાગ્રસ્તોને સરકારી હોસ્પિટલમાં સારવાર આપવામાં આવી રહી છે. રાત્રે ૨ વાગ્યા સુધી રાહત કાર્ય ચાલુ રહ્યું હતું. બસમાં ૪૦થી વધુ શ્રદ્ધાળુઓ હોવાનો અંદાજ છે. ઉત્તરાખંડના પૂર્ણનગરીમાં માતાનો દરબાર છે. ત્યાં મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓ દર્શન માટે જાય છે. શનિવારે રાત્રે ભક્તોનું એક જૂથ ખાનગી બસ દ્વારા સીતાપુરના સિંધૌલી માટે રવાના થયું હતું.

## દિલ્હીમાં ચાઈલ્ડ હોસ્પિટલમાં અગ્નિકાંડ, ૬ નવજાતનાં મોત, પરિજનો આઘાતમાં



રાજકોટ અગ્નિકાંડ ચર્ચામાં જ છે ત્યાં દિલ્હીથી પણ વધુ એક દુઃખદ સમાચાર સામે આવ્યા. અહીં પણ એક ચિલ્ડ્રન હોસ્પિટલમાં ભયંકર આગ લાગી જતાં ૬ જેટલાં નવજાત બાળકોના મોતથી હડકંપ મચી ગયો છે. શનિવારે મોડી રાતે અહીં એકાએક આગ ભડકી હતી. માહિતી અનુસાર દિલ્હી ફાયર સર્વિસને લગભગ રાતે સાડા અગ્યાર વાગ્યે ફોન આવ્યો હતો કે એક બેબી કેર સેન્ટરમાં આગ ભડકી છે. આ બેબી કેર સેન્ટર પૂર્વ દિલ્હીમાં વિવેક વિહાર ખાતે આવેલું છે. જાણકારી મળતાં લગભગ ૮ જેટલાં ફાયરબ્રિગેડના વાહનો ઘટનાસ્થળે ધસી ગયા હતા.

એક અધિકારીએ ઘટના વિશે જાણકારી આપતાં કહ્યું કે આગની ઘટનાની જાણકારી મળતાં જ ફાયરબ્રિગેડ ઘટનાસ્થળે ધસી આવ્યા હતા. બચાવ અને રાહત કામગીરી દરમિયાન લગભગ ૧૨ લોકોને બચાવાયા હતા જેમાં તમામ નવજાત જ બાળકો જ હોવાની માહિતી છે. જોકે સારવાર દરમિયાન જ ૬ જેટલાં નવજાત બાળકો મૃત્યુ પામી જતાં પરિવારજનો આઘાત પામી ગયા હતા. અન્ય ૬ પણ ગંભીર રીતે દાઝી ગયા હોવાથી હાલ સારવાર હેઠળ છે અને તેમના જીવ બચાવવાના મરણિયા પ્રયાસો થઇ રહ્યા છે. આગ કેમ લાગી હતી તેનું કારણ હજુ સામે આવ્યું નથી.

## ચીને ૨૭ યુદ્ધ જહાજ અને ૬૨ વિમાન વડે તાઇવાનને ડરાવ્યું, સરહદે તાઇવાન સેના એલર્ટ

તાઈપે,૨૫

તાઈવાનમાં નવી સરકારની રચના થયા પછી ચીન સાથે તણાવ વધી રહયો છે. ચીનની સેનાએ તાઈવાનના વિસ્તારમાં ઘૂસણખોરીનો પ્રયાસ કર્યો હતો. ચીનના અતિક્રમણના પ્રયાસના પગલે તાઈવાનની સેના પણ એલર્ટ થઇ ગઇ હતી.તાઈવાનના રક્ષા મંત્રાલયના જણાવ્યા અનુસાર ચીની નૌ સેનાના ૨૭ યુદ્ધ જહાજ અને ૬૨ વિમાન તાઈવાનની સરહદ નજીક આવતા દેખાયા હતા. એમાંથી ચીનના ૪૭ વિમાનો તાઈવાનના જલમરુમધ્યની મધ્યરેખાને પાર કરીને તાઈવાનના દક્ષિણ -પશ્ચિમ,દક્ષિણ-પૂર્વ અને પૂર્વી વાયુ રક્ષા ઓળખ ક્ષેત્રમાં ઘુસ્યા હતા. ચીન અને તાઈવાન વચ્ચે એક જળસંધી હેઠળ અનૌપચારિક સરહદ છે. તાઈવાનને ચીનની હિલચાલ પર નજર રાખવા માટે વિમાન,નૌ સૈનિક જહાજો અને વાયુ રક્ષા મિસાઈલ સિસ્ટમ ગોઠવી છે. ગત એપ્રિલ મહિનામાં આ સિસ્ટમના માધ્યમથી ૪૦ વાર ચીની સૈન્ય વિમાનો અને ૨૭ વાર નેવી સૈનિકોએ ખુસણખોરી કરી હતી. અહેવાલ અનુસાર સપ્ટેમ્બર ૨૦૨૦માં ચીને તાઈવાનની આસપાસ સક્રિય સૈન્ય વિમાનો અને નૌસૈનિક જહાજોની સંખ્યામાં વધારો કરી રહયું છે.

## *આજનો વિચાર*

ભગવાનને મળવા માટે આપણે ગમે તે કરવા તૈયાર છે ..આપણે રોજબરોજ વારે તહેવારે મંદિરમાં જઈએ, ગઢો ના ગઢો પણ ચડી જઈએ અંતે ચારધામ પણ જઈ આવીએ પણ ભગવાન આપણને એમની પાસે બોલાવી લે એ બિલકુલ ના ગમે બોલો આ કેવી વાત છે વહાલા ..

- MANNISH *( MINTOO )*

## તંત્રી લેખ......

# બજારમાં તેજી

લોકશાહી ચૂંટણીનાં હવે માત્ર બે ચરણ બાકી છે, આર્થિક મોરચે આવી રહેલા સમાચારો બહુમતીની સરકાર તરફ ઈશારો કરી રહ્યા છે. કદાચ બજારને અનુમાન થઈ ગયું છે કે કેન્દ્રમાં પૂર્ણ બહુમતીની સરકાર બની રહી છે. છઠ્ઠા ચરણની ચૂંટણીથી ઠીક બે દિવસ પહેલાં ભારતીય શેરબજાર રેકોર્ડ સ્તરે પહોંચવું સંકેત છે કે મૂડી બજારમાં રોકાણકારોનો વિશ્વાસ વધી રહ્યો છે. બેંક, પેટ્રોલિયમ અને વાહન કંપનીઓના શેરોમાં જબરદસ્ત લેવાલીથી ભારતીય શેરબજારના બંને ઈન્ડેક્સ પોતાના અત્યાર સુધીના ઉચ્ચતમ સ્તર પર પહોંચી ગયા. બીએસઈના ૩૦ શેરો પર આધારિત ઈન્ડેક્સ સેંસેક્સે ૨૯ જાન્યુઆરી બાદની પોતાની સૌથી ઊંચી છલાંગ લગાવી અને ૧૧૧૯૬ અંકના વધારા સાથે તે ૭૫,૪૧૮ અંકના પોતાના સૌથી ઉચ્ચ સ્તરે બંધ થયો. જ્યારે નેશનલ સ્ટોક એક્સચેન્જ (એનએસઇ)નો નિફ્ટી પણ ૨૨૯૬૭ના પોતાના ઉચ્ચતમ સ્તર પર બંધ થયો. આ તેજીથી રોકાણકારોને બહુ ફાયદો થયો છે. રોકાણકારોની સંપત્તિ ગુરુવારે ૪.૨૮ લાખ કરોડ રૂપિયા વધી ગઈ. બીએસઈમાં લીસ્ટેડ કંપનીઓની કુલ બજારમૂડી પાંચ લાખ કરોડ ડોલર (૪.૨૮ લાખ કરોડ રૂપિયા)ને પાર પહોંચવાની સાથે જ ભારત આ સ્તર પર પહોંચનારો પાંચમો દેશ બની ગયો છે.

એનએસઇ પર લીસ્ટેડ કંપનીઓની કુલ બજારમૂડી પણ ગુરુવારે પાંચ લાખ કરોડ ડોલરથી આગળ નીકળી ગઈ. કોરોનાકાળ બાદ ભારતીય ઘરેલુ રિટેલ રોકાણકારોનો રસ શેરબજારમાં વધ્યો છે. ૧૦ વર્ષમાં ડીમેટ એકાઉન્ટ ૨.૩ કરોડથી વધીને ૧૫ કરોડ થઈ ગયાં છે. મ્યુચ્યુઅલ ફંડ રોકાણકારોની સંખ્યા ૧ કરોડથી વધીને ૪.૫ કરોડ થઈ ગઈ છે. બજાર-સમર્થક સુધારાથી શેરબજારમાં રોકાણનું વલણ વધ્યું છે. આ ભારતીય અર્થવ્યવસ્થાની સ્થિરતા અને તેજ વૃદ્ધિને કારણે વધ્યું છે. ખાસ વાત છે કે શેરબજારોમાં આ રેકોર્ડ ઉછાળ રિઝર્વ બેંક તરફતી અત્યાર સુધીના સર્વાધિક લાભાંશ ચૂકવણીને મંજૂરી આપવાના બીજા જ દિવસે આવ્યો છે. રિઝર્વ બેંક બોર્ડે નાણાંકીય વર્ષ ૨૦૨૩-૨૪ માટે સરકારને રેકોર્ડ ૨,૧૦,૮૭૪ કરોડ રૂપિયાના લાભઆંશ ચૂકવણીને મંજૂરી આપી છે. તે ગયા વર્ષે ૧.૨૩ લાખ કરોડ રૂપિયા વધારે છે. પાછલા નાણાંકીય વર્ષ ૨૦૨૨-૨૩માં આરબીઆઇએ સરકારને ૮૭,૪૧૬ કરોડનો લાભાંશ આપ્યો હતો.

# વીઆઇપી હોય કે વીવીઆઇપી, હવે રામ મંદિરમાં મોબાઈલ ફોન નહીં લઈ જઈ શકે



અયોધ્યા,તા.૨૬

સામાન્ય માણસ હોય કે પછી કોઈ ખાસ, હવે રામ મંદિરમાં કોઈ મોબાઈલ ફોન લઈ જઈ શકશે નહીં. શુક્રવારે રામ મંદિર ટ્રસ્ટ અને વહીવટીતંત્રની બેઠકમાં આ નિર્ણય લેવામાં આવ્યો છે. સામાન્ય ભક્તો માટે મોબાઈલ ફોન લઈ જવા પર પહેલાથી જ પ્રતિબંધ હતો. હવે વીઆઈપી અને વીવીઆઈપી પણ મોબાઈલ ફોન લઈ જઈ શકશે નહીં. એવો દાવો કરવામાં આવ્યો છે કે પરિસરમાં મોબાઈલ ફોનની મંજૂરી ન હોય તેની ખાતરી કરવા માટે કડક દેખરેખ રાખવામાં આવશે. આ નિર્ણયને તે ઘટના સાથે જોડવામાં આવી રહ્યો છે જેમાં રામ મંદિરના સ્તંભમાં તૂટેલી મૂર્તિનો ફોટો વાયરલ થયો હતો. જો કે, ટ્રસ્ટનું કહેવું છે કે સુરક્ષાના કારણોસર પરિસરમાં મોબાઈલ ફોન પર પ્રતિબંધ મુકવામાં આવ્યો છે.

પ્રાણ પ્રતિષ્ઠા બાદથી રામ મંદિરમાં ભક્તો કોઈપણ પ્રતિબંધ વિના મોબાઈલ ફોન લઈ જઈ રહ્યા છે. ત્યારબાદ થોડી કડકતા લાદવામાં આવી હતી અને સામાન્ય ભક્તો પર મોબાઈલ ફોન લઈ જવા પર પ્રતિબંધ મુકવામાં આવ્યો હતો. દરમિયાન ટ્રસ્ટે સરળ અને વિશિષ્ટ દર્શનની વ્યવસ્થા શરૂ કરી હતી.

આ અંતર્ગત સ્પેશિયલ પાસ ધરાવતા લોકોને મોબાઈલ ફોન સાથે રાખવાની છૂટ આપવામાં આવશે. આ ઉપરાંત વીઆઈપી અને વીવીઆઈપી માટે મોબાઈલ ફોન લઈ જવા પર પણ છૂટ આપવામાં આવી હતી. ટ્રસ્ટ અને વહીવટીતંત્ર સામાન્ય અને ખાસ ભક્તો વચ્ચે ભેદભાવ કેમ કરે છે તેવા સવાલો પણ ઉઠી રહ્યા હતા. જો કે હવે આ સિસ્ટમ પર સંપૂર્ણ પ્રતિબંધ મુકી દેવામાં આવ્યો છે. બેઠકમાં રામ મંદિર નિર્માણ સમિતિના અધ્યક્ષ નૃપેન્દ્ર મિશ્રા, રામ મંદિર ટ્રસ્ટના મહાસચિવ ચંપત રાય, ટ્રસ્ટી ડૉ. અનિલ મિશ્રા, ડિવિઝનલ કમિશનર ગૌરવ દયાલ, આઈજી પ્રવીણ કુમાર, એસપી સુરક્ષા પંકજ પાંડે હાજર હતા.

રામ મંદિરના ટ્રસ્ટી ડૉ.અનિલ મિશ્રાનું કહેવું છે કે રામ મંદિર પરિસરની અંદર મોબાઈલ ફોન જવાના કારણે સુરક્ષા ખતરો હતો. સાથે જ સામાન્ય ભક્તો પણ પરેશાન થયા હતા. લોકો દર્શનની કતારમાં જ ફોટા અને સેલ્ફી લેવા લાગ્યા. આ યોગ્ય ન લાગ્યું. પહેલાની જેમ સરળ અને ચોક્કસ દર્શનની વ્યવસ્થા અમલમાં રહેશે, પરંતુ મોબાઈલ ફોન પર પ્રતિબંધ રહેશે. એસપી સિક્યોરિટી પંકજ પાંડેએ જણાવ્યું કે આ સિસ્ટમનું કડકાઈથી પાલન કરવામાં આવશે. ચેકિંગ પોઈન્ટ પર દરેક શ્રદ્ધાળુની તપાસ કરવામાં આવશે.

## ચૂંટણી પહેલા ટ્રમ્પના જાહેર નિવેદનો પર પ્રતિબંધ મૂકવાની માંગ, ફરિયાદીએ તેમના પર ખોટા દાવા કરવાનો આરોપ લગાવ્યો

વૉશિંગ્ટન,તા.૨૬

પૂર્વ રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ પોતાના નિવેદનોને કારણે મુશ્કેલીમાં મુકાઈ ગયા છે. તેમની મુશ્કેલીઓ ઓછી થતી જણાતી નથી.સંઘીય વકીલોએ વર્ગીકૃત દસ્તાવેજોના કેસની દેખરેખ રાખતા ન્યાયાધીશને ટ્રમ્પને સાર્વજનિક નિવેદનો કરવાથી રોકવા માટે કહ્યું. તેઓ કહે છે કે ભૂતપૂર્વ રાષ્ટ્રપતિના નિવેદનો કાર્યવાહીમાં ભાગ લેતા કાયદા અમલીકરણ એજન્ટો માટે ખતરો છે.

ડોનાલ્ડ ટ્રમ્પે આ સપ્તાહની શરૂઆતમાં દાવો કર્યો હતો કે ઓગસ્ટ ૨૦૨૨માં તેમની માર-એ-લાગો એસ્ટેટની શોધખોળ કરનારા એફબીઆઇ એજન્ટો તેમને ગોળી મારવા માગે છે. એજન્ટો તેને મારી નાખવા અને તેના પરિવારને જોખમમાં મૂકવા માટે સંપૂર્ણપણે તૈયાર હતા. આ દાવા બાદ યુએસ ડિસ્ટ્રિક્ટ જજ એલેન કેનનને ટ્રમ્પને નિવેદન આપતા રોકવા માટે વિનંતી કરવામાં આવી હતી.

રિપબ્લિકન પાર્ટીના ઉમેદવાર ડોનાલ્ડ ટ્રમ્પ અમેરિકી રાષ્ટ્રપતિની ચૂંટણી માટે કોર્ટના દસ્તાવેજોને ટાંકતા હતા. તેમણે કહ્યું કે એફબીઆઈએ સર્ચ દરમિયાન સ્ટાન્ડર્ડ યુઝ ઓફ ફોર્સ પોલિસીનું પાલન કર્યું. જો કે, ફરિયાદીઓએ જણાવ્યું હતું કે નીતિ નિયમિત છે અને તેનો હેતુ શોધ દરમિયાન બળના ઉપયોગને મર્યાદિત કરવાનો છે. જ્યારે ટ્રમ્પ અને તેમનો પરિવાર બહાર હતા ત્યારે શોધ ઈરાદાપૂર્વક હાથ ધરવામાં આવી હતી અને ગુપ્ત સેવા સાથે સંકલન કરવામાં આવ્યું હતું. બળનો ઉપયોગ કરવામાં આવ્યો ન હતો.

સ્પેશિયલ કાઉન્સેલ જેક સ્મિથની ટીમના પ્રોસિક્યુટર્સે શુક્રવારે મોડી રાત્રે કોર્ટની ફાઈલિંગમાં જણાવ્યું હતું કે ટ્રમ્પના નિવેદનો ખોટો દાવો કરે છે કે ફેડરલ એજન્ટો તેમની હત્યા કરવાના કાવતરામાં સામેલ હતા તે કાયદાના અમલીકરણનો પર્દાફાશ કરે છે. પ્રોસિક્યુટર્સે જણાવ્યું હતું કે ધમકીઓ, હિંસા અને સતામણીનું જોખમ હોવા છતાં તેમાંથી કેટલાકને તેની સુનાવણીમાં સાક્ષી તરીકે બોલાવવામાં આવશે.

# વડોદરાનું લઘુત્તમ તાપમાન વૈશ્વિક તાપમાનની સરેરાશ કરતાં બમણું

,વડોદરા,તા.૨૬

વડોદરાનું લઘુત્તમ તાપમાન વૈશ્વિક તાપમાનની સરેરાશ કરતાં બમણું થઈ રહ્યું છે, એમ એસ યુનિવર્સિટીની ફેકલ્ટી ઑફ ટેક્નોલોજી અને એન્જિનિયરિંગના વડોદરા સ્થિત સંશોધકો દ્વારા કરવામાં આવેલ અભ્યાસ દર્શાવે છે. માર્ચ અને જૂન મહિનામાં ટોચનું તાપમાન પણ વૈશ્વિક આબોહવા પરિવર્તનની સરેરાશ કરતાં બમણા દરે વધી રહ્યું છે, તેમ છતાં એપ્રિલ અને મે મહિનામાં વૈશ્વિક સરેરાશ સાથે સુસંગત છે.

વડોદરા શહેર માટે જાણે દિવસે શેકવું પૂરતું ન હોય તેમ આ ઉનાળામાં રાતો પણ અસહ્ય ગરમી બની છે. એવા દિવસો છે જ્યારે લોકો, જેઓ તેમના બગીચાઓમાં અથવા તેમની સોસાયટીની સામાન્ય જગ્યાઓમાં સમય પસાર કરતા હતા, તેઓ હવે એરકંડિશનિંગમાં ઘરની અંદર રહેવાનું પસંદ કરે છે. આ આશ્ચર્યજનક ન હોવું જોઈએ કારણ કે આ પ્રદેશમાં લઘુત્તમ તાપમાન વૈશ્વિક આબોહવા પરિવર્તન મૂલ્યો કરતાં લગભગ બમણું થઈ રહ્યું છે,

આ અભ્યાસ મુખ્ય તપાસનીસ ડૉ. ગીતા એસ જોશી અને પીએચડી સ્કોલર વિશાલ ચંદોલે દ્વારા હાથ ધરવામાં આવ્યો હતો. તે રાજ્ય સરકારના ક્લાયમેટ ચેન્જ વિભાગ દ્વારા ભંડોળ પૂરું પાડવામાં આવ્યું હતું અને ગયા વર્ષે જર્નલ એન્વાયર્નમેન્ટ મોનિટરિંગ એન્ડ એસેસમેન્ટમાં સંશોધન પેપર તરીકે પ્રકાશિત થયું હતું. વડોદરા અને છોટા ઉદેપુરના જોડિયા જિલ્લાઓ કે જેઓ અગાઉ એક જ જિલ્લો હતા, તેનો સંશોધનના ભાગરૂપ અભ્યાસ કરવામાં આવ્યો હતો.

જોશીએ જણાવ્યું હતું કે અભ્યાસ માટે ભારતીય હવામાન વિભાગ ગ્રિડેડ ડેટા રિસોર્સના ડેટાનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. ૧૯૫૧ થી ૨૦૧૯ સુધીના ૬૯ વર્ષના દૈનિક મહત્તમ અને લઘુત્તમ તાપમાનના ડેટાનું વિશ્લેષણ કરવામાં આવ્યું હતું.

## તારો અહેસાસ

તું નથી તો શું થયું, વસી છે તું નશોમાં મારી,
પલ પલ, ખૂણે ખૂણે તારો અહેસાસ છે,

ઘરના બારણાં બોલે છે, આજ પણ,
ચમક મારી યે તારો અહેસાસ છે,

ઘરના આંગણામાં હજી પણ ઘંટીનો અવાજ છે,
દરણા દરવામાં પણ તારો અહેસાસ છે,

સૂના પડ્યા ભલેને ચૂલા આજ પણ,
જ્યારે નીકળે ધુમાડો ત્યાં તારો અહેસાસ છે,

જોતા સુની દીવાલના દર્પણમાં મને,
દેખાય છે તું જ એ તારો અહેસાસ છે,

રાજેશકુમાર બી. રાવત "રાવત રાજ" (ઇડર)

## ★પડછાયો અને પ્રતિબિંબ..★

પડછાયો અને પ્રતિબિંબ હંમેશા આપણી સાથેને સાથે હોય.
પડછાયો સદાય સાથનું પ્રતિક અંધારે ખુદમાં ઓગળી જાય

પ્રતિબિંબ જે જળ કે દર્પણમાં જોવાય જે હોય એજ જોવાય.
પડછાયો ટૂંકો કે લાંબો માનવ શરીર ફરતે તેજ માથે કે દૂર પર નક્કી થાય.

ગૂઢ રહસ્ય સાથે ને સાથે હોય કોઈને નહીં જે ખુદને જ પ્રતિબિંબમાં દેખાય.
તેજ કેટલું તર્રાર એવી તમારી છાયા કેટલી ઘાટી આછી ગુણથી નક્કી થાય.

પડછાયો પ્રતિબિંબ જ્યાં સાથે દેખાય એવાં જળમાં સનાતન મુક્ત થઈ જાય.
"દિલ" મારું માઁ તેજથી ભરો પાત્રતા પુષ્ટ કરો "પડછાયો પ્રતિબિંબ" સમજાઈ જાય.

દક્ષેશ ઈનામદાર."દિલ". ( વલસાડ )

## પ્રભુ, નથી જોઈતું સ્વર્ગ,

પ્રભુ, નથી જોઈતું સ્વર્ગ,

કે નથી જ જોઈતો મોક્ષ,

પ્રભુ, નથી જ જોઈતાં,
તારાં સાક્ષાત દર્શન પણ.

જો આપવુંજ હોય,
તો પ્રભુ, એકજ વરદાન દે.

ભવેભવ, પળે-પળ,
જીવ - માનવસેવા નું વરદાન દે.

ભરત ટિટિયા. જય સોમનાથ.

પપપપપપપપપપપ..

અહીં વાતાવરણ ગમગીન છે કે નઈ?
બધું સંજોગને આધીન છે કે નઈ?

તમે પાડેલ ચીસો સાંભળે થોડા!
બધા ખુદમાં થયેલા લીન છે કે નઈ?

ભજન કેવું? વજન ને ઊંચકે છે સહુ,
અહીં પ્રત્યેક માણસ ખિન્ન છે કે નઈ?

નિહાળો ધ્યાનથી તો સત્ય સમજાશે,
બતક ને હંસ બંને ભિન્ન છે કે નઈ?

હવે બીજા બધા રંગો ન દેખાશે,
ગઝલમાં થઈ ગયા રંગીન છે કે નઈ?

જિજ્ઞેશ વાળા ( બોટાદ)

## ગલી અને શેરીમાં.

ઈશ્વર નાના થઈ ગયા છે એટલે છે દેરીમાં.
હું એમને શોધ્યા કરું ગામ, ગલી અને શેરીમાં.

કેટલા પથ્થરના ઘા સહન કરે છે એકલો આંબો
હાથમાં છે બે ચા પણ જીવ છે લટકેલી કેરીમાં.

વર્ષો સુધી અહી કામ કર્યું છે મારી જુવાનીમાં
ફાઈલ આગળ વધતી નથી મારી જ કચેરીમાં.

એક શબ્દ પણ હું ના બોલી શક્યો એને આજ
મને દર્શન થયા ઈશ ના, ભવ ભવના વેરીમાં

રાહ જોઈ સાંજ પડતાં ભૂખ લાગી બાળકોને
બાપ હજુયે આવ્યો નથી ગયો હતો જે ફેરીમાં.

- કલ્પેશ સોલંકી " કલ્પ"(અમદાવાદ

.........................

# ઇન્સ્પેક્ટર સાહેબ સજજડબમ થઇ ગયા!

આપણે આપણી જાત વિશે અત્યંત ઊંચો અભિપ્રાય બાંધી લઈએ છીએ. જેમાં એક નવા પૈસાનો ખર્ચ કરવાનો રહેતો નથી. વાસ્તવમાં બજારમાં ઊભા રહીએ કે બે ત્રણ ડામીસોને પૂછીએ ત્યારે ખબર પડે કે આપણે કેવા હવાઈ કિલ્લા બનાવ્યા છે!!

પોલીસની છાપ ગમે તેવી હોય. ઓગણીસ-એકયાંશીનો પાતળો ભેદ હોય. પણ પોલીસની મથરાવટી મેલી હોય એ નક્કી છે. એક ચાદર મૈલી સી. ગૃહ મંત્રી તારી મેલી પોલીસ!!

આપણે ત્યાં રિયલ લાઈફ કરતાં રીલ લાઇનનું એટેચમેન્ટ કે આકર્ષણ હોય છે. હિન્દી સિનેમામાં મારધાડ, ચોરી, ડકેતી, લડવાડ, તોફાન, વિલન દ્વારા હીરોઇન પર જાતીય હુમલો, ખૂન વગેરે વગેરે ગુનો આચરાઈ જાય પછી પોલીસ પ્રગટે છે! મોટેભાગેડફોળ ,બોઘા ,કમઅક્કલ ,કાર્ટુન જેવા દેખાડે છે. જેના લીધે ભય, શેહ કે ખોફનાક ન લાગે પણ મિસ્ટર બિન કે થ્રી સ્ટુજીસ જેવા દેખાય!

વાસ્તવિક જીવનમાં પોલીસ વહેલી કે મોડી આવતી નથી, ફરિયાદ લેતી નથી, પૈસાદારનો સપોર્ટ કરે છે, સાક્ષીને આરોપી બનાવે છે. લાંચ સિવાય જાંચ નહીં નો મોટો અપનાવે છે. લાંચ પછી જાંચ શેની એ તેમના મનમાં ઘૂમરાતો સવાલ છે!!

પોલીસની મનોવૃત્તિમાં તેમનો વાંક નથી. ઉપરી અધિકારીઓની તાબેદારીને મચ્છર ગણી મસળવાની જઘન્ય વૃતિ. અમાનવીય અને તોછડું વર્તન. કામનું ભારણ, વીકલી ઓફની કમકમાટી ભરેલી હત્યા! કુંટુંબ જીવન માણવાનો અભાવ માણસને બરડ અને રૂક્ષતા બનાવે તો શું બનાવે ?

લોકોને રોલા મારવા પોલીસ બંદોબસ્ત જોઈએ છે, નેતાને સિકયોરિટી જોઈએ છે, ચૂંટણી , તહેવારો, સરકારી કાર્યક્રમો, મેળાવડા , પરીક્ષા, તોફાનો, હુલ્લડ, હુડદુંગ, વગેરે માટે પોલીસો ફાળવવાનાં આવે છે. તોફાનોના પથ્થર, કાકડાનો ભોગ બને છે. કોઈ છોકરું બોરમાં પડી જાય , ઘટનાસ્થળે ભીડ જમા થાય તો કાયદો-વ્યવસ્થા સંભાળવા પોલીસ કામે લાગે. કોઈની શાદી કે બારાતમાં મહેમાનો અંદર જયાફત ઉઠાવે. બહાર વ્યવસ્થા માટે તૈનાત પોલીસને પાણીનુ પણ પૂછે નહીં. ક્યાંક તો નેતાલોગની ખોવાઈ ગયેલી ભેંસ શોધવા સાતે કામ પડતાં મુકી ધંધે લાગે! સાહેબના ડોગીને ફેરવવા લઈ જવા જેવા કામો પણ નિપટાવવા પડે.

પોલીસ સારી કામગીરી કરે તો સર્ટિફિકેટ કે બસોત્રણસો રૂપરડીનું અધધધ પારિતોષિક મળે! કામગીરીમાં ભૂલ હોય તો ખુલાસો કરવાની તક આપ્યા સિવાય મનસ્વી રીતે ૨૦૦ થી પાંચ હજારનો દંડ ઠોકી દેવામાં આવે!!લોકો દગડું કે એવા નામે ઉપાલંભ આપે, ઠઠા-મશ્કરી કરે તે તો નફામાં !!

પોલીસ પરીક્ષાનું સંચાલન કરે. મંત્રીની સુરક્ષા કરે. નાણાંની હેરફેરમાં સુરક્ષા પ્રદાન કરે. ટ્રાફિક નિયમન કરે. કાયદો અને વ્યવસ્થાની જાળવણી કરે, ગુનાની તપાસ કરે. ગ્રીન કોરિડોર રચી હ્યુમન ઓર્ગન દર્દી સુધી પહોંચાડે .ચૂંટણીની કામગીરી કરે. પરીક્ષાઓ યોજવામાં મદદ કરે.

હમણા પોલીસને નવી કામગીરી મળી. જામજોધપુરમાં ડેમ છે. ડેમ તળિયાઝાટક તો ન કહેવાય, પણ ડેમ ખાલીખમ છે. ડેમમાં બચેલા પાણીની ચોરી થાય તો વરસાદ ન આવે ત્યાં સુધી શહેરને પાણી પૂરું પાડવાનું મુશ્કેલ થાય. લોકો હલ્લાબોલ કરે તે લટકામાં!!ડેમમાંથી પાણી ન ચોરી જાય તે માટે સશસ્ત્ર પોલીસો રાતદિવસ ખડેપગે ઉભા રહી ચોંકી કરે છે.

આ સમાચાર વાંચી રાજુ રદી સાતમા આસમાને પહોંચ્યો. એક અરજી લખી પોલીસ સ્ટેશને પહોંચી ગયો. પોલીસ ઈન્સ્પેક્ટરને કહ્યુ કે મને પોલીસ બંદોબસ્ત ફાળવો.

ઈન્સ્પેક્ટર સાહેબે કારણ પૂછયું.

“સાહેબ હું ઊંઘી જઉં કે મને પ્રધાનમંત્રી બન્યાના સ્વપ્રા આવે છે. કોઈ દાઢીવાળા દાદા મને ખુરશી પરથી બાવડેથી ઝાલી ઉતારી દે છે. પેલા દાદા મારા સ્વપ્રમાં ન આવે એવું કાંઇક કરો!!!” રાજુએ રીકવેસ્ટ કરી.

ઈન્સ્પેક્ટર સાહેબ સજજડબમ થઈ ગયા!

ભરત વૈષ્ણવ

## આભ બતાવું.

આવ મારી આંખમાં આભ બતાવું.
ને હથેળીમાંજ આભનો ચાંદ બતાવું.

કર હિંમત ઘરનો ઉંબર ઓળંગવાની,
ગામની બજારમાં મારી શાખ બતાવું.

શરત એટલી કે અર્જુન થવું પડે તારે,
હું કૃષ્ણ થઈ માછલીની આંખ બતાવું

મનમાં ઈચ્છા હોય આભ આંબવાની,
તો ચાલ તને હોંસલાની પાંખ બતાવું.

બને કે દર્પણ છેતરી શકે “અભિદેવ”
તું બસ નજર મીલાવ હું સાચ બતાવું.

દેવેન્દ્ર ભીમડા “અભિદેવ” (ભરૂચ)

# ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક સાહિત્ય સરિતા- આયોજક : પ્રદીપ રાવલ







**એનઓજી સાહિત્ય સરિતામાં આજે સહેલગાહ વિષય ઉપર નિશીથ બક્ષી,અમીષા પંચાલ,ખ્યાતિ જીગર દેસાઈ,બાબુ સંગાડા,પરેશ પાઠક અને હસમુખ બી પટેલ ની તસ્વીર સાથેની રચનાઓ....**

: *NOG SS No. 0200*
★વિષય : મારી સહેલગાહ★
શીર્ષક : મહારાષ્ટ્ર યાત્રા
પ્રકાર : લેખ શબ્દો : ૩૪૬

ખૂબ જ યાદગાર રહી, અમારી એ સહેલગાહ. અમે નક્કી કર્યું કે આ વખતે અમે બે જણા, અલકમલકની વાતો કરતાં, ટેક્સીમાં બેસીને સહેલગાહ એટલે કે યાત્રાએ જઈશું.
સોમવારે અમે નીકળી પડ્યાં, સાપુતારા જવા માટે. સવારે ૬:૩૦ એ ટેક્સી સડસડાટ સુરત બાજુ ચાલવા લાગી. બપોરે ૨:૦૦ વાગે અમે સાપુતારા પહોંચી ગયાં. અમારી બેંકનું હોલીડે હોમ એક ભવ્ય આલીશાન હોટલમાં હતું. રૂમમાં સામાન મુકાવી અમે કેન્ટીનમાં ભોજન લીધું. ચારેક વાગે નીકળી પડ્યા, લેક પર બૉટિંગ કરવા. ખૂબ જ મોટું તળાવ છે, જેમાં બૉટિંગ કરવાની ખૂબ મજા આવી. સાંજના સાડાપાંચે પહોંચી ગયાં સનસેટ પોઈન્ટ.
મને ફોટા પાડવાનો ઘણો શોખ એટલે ખૂબ ફોટા પાડ્યા. ત્યાંના રૉપવેમાં બેસીને સનસેટ પોઈન્ટ ગયાં. રાતના ઘસઘસાટ ઊંઘ કરી સવારમાં નીકળી પડ્યા, શનિશિંગણાપુર જવા. બરાબર દસ વાગ્યે પહોંચ્યા. ખૂબ સરસ દર્શન થયાં. ત્યાં નાસ્તો કરીને નીકળી પડ્યા, જ્યોર્તિલિંગ વૈજનાથ બાજુ. રસ્તો લાંબો, કંટાળાજનક. રસ્તામાં સારી હોટલો કે નાસ્તો, જમવાનું મળે નહીં. એમ કરતાં સાડાચારે અમે બીડ જિલ્લામાં આવેલ ભવ્ય જ્યોર્તિલિંગ પરળી વૈજનાથ પહોંચ્યા. ત્યાંની ધર્મશાળામાં બુકિંગ યાત્રાધામ દ્વારા કરાવેલું પણ ધર્મશાળામાં ચોખ્ખાઈની ઉણપ હતી. જૂનું મકાન અને રંગ વિગેરે ઉખડી ગયેલા. ખેર, અમારે દર્શનનું મહત્વ વધારે હતું એટલે નાસ્તાપાણી કરી ફ્રેશ થઈને દર્શન કરવા પહોંચ્યા. ત્યાં એક પૂજારી સાથે અગાઉ વાત થયેલી એટલે દર્શન કરીને, સવારની પૂજા અંગે નક્કી કર્યું. રાતના ઊંઘ તો આવી પણ ઘર જેવી તો ન જ આવે ને! સવારમાં ચાર વાગે ઊઠી ન્હાઈ ધોઈ, પીતાંબર પહેરી, ધર્મપત્નીએ રેશમી સાડી પહેરી, સાડાચારને દસ મિનિટે મંદિરના દરવાજે પહોંચી ગયાં. પાંચમા દસ મિનિટે દ્વાર ખુલ્યા, એટલે અમે દસબાર ભક્તો અને ત્રણ ચાર મહારાજ, નિજમંદિરમાં અને ત્યારબાદ ગર્ભગૃહમાં પહોંચી ગયાં. શિવલિંગથી ફક્ત દોઢ ફૂટ નજીક બેસીને, મહાદેવની સન્મુખ ૨૦ મિનિટ સુધી પૂજા, અભિષેક, મંત્રોચ્ચાર વિગેરે કર્યાં. આમ અમારું જીવન ધન્ય બન્યું.

ધર્મશાળા, મંદિરની બાજુમાં જ હતી. અમે કપડાં બદલીને ચાનાસ્તો કર્યા અને ૭:૩૦એ પાછા નીકળી પડ્યા, શિરડીના રસ્તે. શિરડી જતાં રસ્તામાં અહમદનગર આવે. ત્યાં પહોંચતાં લગભગ એક વાગ્યો હતો એટલે સરસ હોટલમાં લંચ લઈ, પાંચ વાગ્યે શિરડી પહોંચ્યાં. થાક તો લાગ્યો હતો છતાં ન્હાઈધોઈને સાઈબાબાનાં દર્શન કરવા નીકળ્યા. ફક્ત અડધા કલાકમાં ખૂબ સરસ દર્શન થયાં. બીજે દિવસે સવારે ત્યાંથી નીકળી પાછા વડોદરા સાંજે ૭:૦૦ વાગ્યે પરત ફર્યાં. આ હતી અમારી યાદગાર સહેલગાહ.

★નિશીથ બક્ષી "નિજાનંદ"★

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

: ર્દ્ર જીજી ર્દ્ર : ૨૩૩
પ્રકાર. : પદ્ય
શીર્ષક: : જૂની યાદો
વિષય. : મારો સહેલગાહ

વાગોળી આજે થોડી જૂની યાદો
આંખો માં છવાઈ ગઈ એ તસ્વીરો

ઘણો શોખ છે મને બહાર ફરવાનો
નવા નવા સપનાઓને. સજાવવાનો

એમાં જો સાથ હોય પરિવાર નો
તો દરેક દિ બની જાય મજા નો

રિવર ફ્રન્ટ કાંકરીયા નો નજારો
હમસફર નો સાથ અને સહારો

સુંદર સોહાય કાંકરીયા નો કિનારો
અદભુત દ્રશ્ય અને અનુભવ શાંતિ નો

મને તો પસંદ સે એ અદભુત નજારો મારા શહેર નો
મજા માણવી હોય તો પ્રવાસ કરજો અમદાવાદ નો
પંચાલ અમિષા ?? ◦ અમદાવાદ

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

ર્દ્ર. જીજી ર્દ્ર :૧૯૪
વિષય : 'સહેલગાહ'
શીર્ષક : 'સહેલગાહ સ્વર્ગની'
પ્રકાર : પદ્ય , શબ્દ : ૧૧૫
નામ : ખ્યાતિ જીગર દેસાઈ. (અમદાવાદ)

" સહેલગાહ સ્વર્ગની ,જાણે સદેહે કરી,
કાશ્મીરના પ્રવાસે ,આનંદની અનુભૂતિ છે કરી.

'દાલસરોવરે'.. શિકારાની મોજ જે અમે કરી,
અવનવાં ફૂલોથી સભર બગીચાઓમાં ફરતા અઢળક ખુશીઓ અમે મેળવી.

સોનમર્ગની ઘોડાની સવારી સાથે,બરફમાં ખૂબ મઝા કરી,
સ્લેજસવારીમાં લસરતા આંગળી કરડી ,સપનું નથીને! એની ખાત્રીય્ કરી.

દૂધપાત્રીનું દુધાળું પાણીથી અલૌકિક આનંદની ખેવના ફળી,
બુટપત્રીમાં સૈન્યની જવામરદી સંગ્ નિસર્ગની સુંદરતાથી આંખો ઠરી .

ગુરેઝ્વેલીની બરફીલી નયનરમ્યતા આશ્ચર્યથી આનંદ સહ્ આંખોમાં ભરી,
પલ્લવીત કુદરતના સાનિધ્યમાં ,આનંદ સાથે કેમ્પેનીંગની મજાય કરી.

કેસર ,સેબ અને સુકામેવાની સંગતમાં મનમુકીને અહલાદક ખુશીઓને લૂંટી,
ફક્ત ચિત્ર કે ચલચિત્રમાં નિહાળેલ જગ્યામાં ફરી ,ફોટોગ્રાફીથી મનમાં સંતોષની લાગણીઓને ભરી.

અવનવા ગુલાબની છટાદાર છટાએ, મનમા ઠંડક્ કરી,
યાત્રાના અંતે અનુભવ્યું કે... પ્રભુએ મારી મનોકામના સુન્દર રીતે ખરેખર પૂર્ણ કરી."

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

ર્દ્ર જીજી ર્દ્ર : ૧૦૯
શિર્ષક :-સફર
પ્રકાર :-પદ્ય

આસમાં ખ્વાબ રોપી અમે સફર આદરી દીધી,
છો એ ખરી પડે ધરા અમે સફર આદરી દીધી.

ગમે છે હદયને લહેલગાહ અમને નવી ઉંચાઈ,
તોફાન છો આંધી બને અમે સફર આદરી દીધી.

હોય દરિયો દુર્ગમ રાહો કે રણ નજરઅંત સુધી,
છો મળે ઝાંઝવા તો શું? અમે સફર આદરી દીધી.

ગજ લઈ કેટલાયે પગલા ફરે માપ કાઢવા છૂપાઈ,
સ્હેજ ફિક્ર નહીં એમની અમે સફર આદરી દીધી.

ફકિરીને કયાં નડે છે સીમાઓ ગગનચૂંબી હોય તો,
આરપાર સરકતા રહીએ અમે સફર આદરી દીધી.

તમારે અર્થ કાઢવા હોય તો કાઢજો લઈ શબ્દકોષ,
રંગીલા છે આદમી દેખો અમે સફર આદરી દીધી.

બાબુ સંગાડા"મહેક"

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

ર્દ્ર જીર્જ ર્દ : ૨૨૯
પ્રકાર : ગદ્ય શબ્દો : ૩૫૦
વિષય : મારી સહેલગાહ
શીર્ષરક : પંચમઢીના પ્રવાસે
લેખક : " પ્રપાશી "
પરેશ મ. પાઠક
પંચમઢીના પ્રવાસે

★★★★★★★★★★★★★

અમારા કુટુંબની સાથે અમે પ્રકૃતિના હરિયાળા સ્વરૂપને માણવા હિલ સ્ટેશન પંચમઢી પહોંચી ગયા. સુંદર બાગબગીચાવાળાહાઈલેન્ડ રિસોર્ટમાં અમે આવ્યા હતાં. ટેક્ષીમાં પંચમઢીના જોવાલાયક સ્થળોની મુલાકાતે નીકળ્યા. જેમાં જટાશંકર, ગુપ્ત મહાદેવ, હનુમાન મંદિર,મોટા મહાદેવ,ગ્રીનવેલી ખાંડી હો, સનસેટ પોઈન્ટ રમણીય સરોવર જેવા પૌરાણિક શાનદાર સ્થળોની દર્શન સાથે યાત્રાની અદભુત મજા માણી. ગ્રીનવેલી એ પર્વતમાળાઓથી ઘેરાયેલું રંગીન ફૂલછોડ અને લીલાંછમવૃક્ષોથી ભરપૂર ખૂબ ઊંચાઈવાળું સ્થળ લોકપ્રિય ફિલ્મશૂટિંગનું સ્થળ સાથે મશહૂર હીલસ્ટેશન છે. સનસેટપોઈન્ટ અને વિશાળ સરોવરની પાળે અવનવા મેઘ ધનુષી રંગોની રંગોળી કરતા વાદળોની સંતાકૂકડી જોઈ ખૂબ જ રોમાંચિત થઈ ઉઠ્યાં.સરોવરમાં બોટિંગ અને સરોવરની ઉપર રોપ વે ની મઝા માણતાં સૌ રાજીના રેડ થઈ ગયાં .

અમે રિસોર્ટથી જંગલ સફારીની જીપમાં ગયાં જ્યાં ડ્રાઈવરે અને ગાઈડે અમારી સાથે ફરી બાકીનાં રમણીય સ્થળોની સફર કરાવી. જેમાં મશહૂર "બી ફોલ "ધોધ ના પહાડી ઝરણામાં સ્વચ્છ પાણીએ નાહીને અમે અતુલનિય તાજગી લુંટી. આ ધોધમાં સ્નાન વખતે નાનકડી માછલીઓ અમારા શરીર અને ખાસ કરીને પગમાં ગલીપચી કરાવતી હોવાથી સ્નાન આલ્હાદક બની ગયું. ત્યાંથી અમે પાંડવ ગુફા ગયા. જ્યાં પાંડવોએ ગુપ્તવાસ દરમિયાન ઓળખ છુપાવવા આશ્રય લીધો હતો, તે પર્વતોમાં કુદરતી કાળક્રમે કોતરાયેલી ગુફાઓનો અને બગીચા જોયા. ચૌરાગઢના પહાડો ઉપરનાં મંદિરનો નજારો દર્શનીય છે. જેની ખાંડીહોની જગ્યાએથી દૂરબીનથી પણ નજીક જોઈ શકાય છે. ત્યારબાદ ત્યાંના સૌથી ઊંચા ૪,૪૦૦ કોર્ટની ઊંચાઈ વાળા ધૂપગઢ પહાડ ઉપર જઈ અમે દંગ થઈ ગયાં. ત્યાંના શિખરની ટોચઉપર સૂર્યોદયનું પહેલું કિરણ પડતા સોનેરી આભાર - નિહારીકા રવિયા સ્વરૂપે ચમકાવી દે છે. અને સંધ્યા સમયનું સૂર્યાસ્તનું છેલ્લું કિરણ સંધ્યાના ભાતીગળ રંગોથી પાડી પ્રકૃતિને રળિયામણી બનાવી દે છે. ધૂપગઢ ખાતે અંગ્રેજોના સમયના ઐતિહાસિક મ્યુઝિયમની મુલાકાત લઈ અમે અવાક થઈ ગયા.

ત્યારબાદ એક નવા પ્રિયદર્શની પોઈન્ટ ઉપર પહોંચ્યા. જ્યાં કાળાંવાદળોનો ગડગડાટ અને થોડાક અમીછાંટણાઓએ તો અમારાં દિલ ધડકાવી ખુશખુશાલ બનાવી દીધાં. અતિશય ઊંચા પર્વતો નયનરમ્ય હરિયાળી, ઊંડી ખીણો, ઘટાદારવૃક્ષો અને રંગીનફળફૂલોથીલચી પડેલા ગાઢજંગલો હતાં. સાંજે ચૂલા પર બનેલા સ્વાદિષ્ટ કાઠીયાવાડી ભોજન સાથે સુંદર વાનગીઓ જમતાં હરિયાળીલોન ઉપર આયોજિત ગીતસંગીતની મહેફીલ માણી. અંતેતો આપણા ગુજરાતી ગરબાનીરંગતે સૌને ઉમંગી ખેલૈયા બનાવી દીધાં. રિસોર્ટના રંગીલા ગાર્ડન નો વૈભવ માણી ફોટા પડાવ્યા. ત્યારબાદ બપોરે પંચમઢીથી નીકળી પીપરીયા આવી અમદાવાદ આવ્યાં. પાંચ દિવસની પંચમઢીની સહેલગાહ અમને સ્વર્ગીયાનંદનો અનુભવ કરાવી ગઈ. અમે ઘેર આવી મધુરી સ્મૃતિઓ વાગોળતાં પ્રભુ પ્રાર્થના કરવા લાગ્યા.
અસ્તુ...!
લેખક-"પ્રપાશી" પરેશ મ.પાઠક.

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

ર્દ્ર જીજી ર્દ્ર ૧૮૪
વિષય :-સહેલગાહ
શીર્ષક :- સાચી સહેલગાહની 'પરખ'
પ્રકાર :- પદ્ય - શબ્દ :-૧૫૮

વાત જો સહેલગાહની હોય તો નીકળી પડવાના અક્ષરો, શબ્દો ને દોડવાની પંક્તિઓ;
પણ એકલા પડેલા, બેઠેલા ને તાકતા વૃધ્ધોને કેટલા સાંભળવાના કે સમજવાના?

જેમના હાથ પકડી રસ્તો ઓળંગેલા એમને દેવદર્શને કેટલી વાર લઈ ગયા?
આનાથી મોટી દુનિયામાં કોઈ સહેલગાહ છે એ ભગવાન થોડા ગણવાના ને લખવાના?

બોલનારાઓએ તો બધો હિસ્સો કેવો પતાવી દીધો દેશ વિદેશની સહેલગાહમાં;
વિચાર્યુ કે અબોલ માટે થોડી માટી ને બેચાર ડાળખી સાચવવાના ને સંભાળવાના?

અબોલ જીવોને લઈને નીકળી પડો ચક્કર મારવા વાડીએ, ખેતરે કે રેતમાં;
પ્રભુ બદલી નાખશે તમારા દર્દના લેખ, લખી નાખશે દિવસો હસવાના ને જીતવાના.

વેરાન કરી વનરાજી ને પકવ્યું પ્રદૂષણ માણસે, જાગવું હોય તો સમય છે હજું;
નજીકમાં નાની સહેલગાહ કરી વૃક્ષો વાવો, તાપમાન ઘટશે ને સૌ ખીલવાના ને મહેંકવાના.

સહેલગાહ માટે રચનાકાર તો કલ્પના ને સત્યનું સંમિશ્રણ કરવાના ને લખવાના,
પણ સમાજની કાળમુખી સચ્ચાઈઓને થોડી 'પરખ' કરવાના કે 'હર્ષ' ફેલાવવાના?
નામ :- હસમુખ બી. પટેલ 'હર્ષ'-'પરખ'

# ઘાટકોપરની તેર માળની બિલ્ડિગની અગાસીએ ચડેલ કોબ્રાનો એકસકલુઝિવ ઇન્ટરવ્યુ!

' બોસ, આપણે એક કામ કરીએ.' રાજુ રદીએ બખડજંતર ચેનલના માલિક બાબુલાલ બબુચકને આટલું જ કહ્યું .તેટલામાં?બાબુલાલનો બાટલો ફાટ્યો . બાબુલાલ આગબબુલા થઇ ગયા.નિષ્ફળ માણસ જલ્દી ગુસ્સે થાય છે તેવું રાજુ રદીનું ઓબ્ઝર્વેશન છે!બાબુલાલની ચેનલ આમ ચાલતી નથી અને ખાસ પણ ચાલતી નથી.એટલે બાબુલાલનું તપેલું પરમેન્નટ ગરમ ગરમ રહે છે!

' રાજુડા, અહીં તમને પાટલે બેસાડી પૂજવા માટે મેં નોકરો આપ્યો નથી.' બાબુલાલ તેમની રિવોલ્વિંગ ચેરમાંથા ગુસ્સામાં ઊછળ્યા અને ગુસ્સો થૂંક્યો .
' બાબુલાલ, રાજુની પૂરી વાત તો સાંભળી લો.' મેં સલુકાઇથી બાબુલાલને કહ્યું.

' ગિરધરલાલ, મારી જગ્યાએ તમે હોવ તો તમને ગુસ્સો ન આવે ? માલિક થઇને મારે કામ કરવાનું હોય તો તમારા જેવો -લડધા જેવો સ્ટાફ હું શું કામ રાખું? મારે તો તમને હુકમ કરવાનો હોય. સકકરમીની જીભ અને અકકરમીના ટાંટિયા એ કહેવત રાજુડાને સંભળાવી અને સમજાવી દે.' રાજુ સામે કાતરિયા ખાતા બાબુલાલે કહ્યું.

' હું એને સમજાવી દઇશ. મારું એક સજેશન છે કે આપણે કોબ્રાનો એરિયલ ઇન્ટરવ્યું લઇએ. એક હેલિકોપ્ટર કલાક માટે હાયર કરીએ. અમારી સેફટી માટે સૂચન કરૂં છું.' મેં અતિવિનમ્રતાથી બાબુલાલને કહ્યું .

' ગિરધરલાલ, તમે સેલિબ્રીટી રિપોર્ટર અંજના નથી કે ચૂંટણીનું કવરેજ હેલિકોપ્ટરથી કરો. આપણી પાસે તમને મુંબઇ જતી ટ્રેનમાં સેકન્ડ કલાસમાં મોકલવાનું જ બજેટ છે. તમને કોબ્રાની બીક લાગતી હોય તો ચેનલના ખર્ચે રેઇનકોટ ખરીદ કરીને પાકું બિલ રજૂ કરશો એટલે ખર્ચ મજરે મળી જશે .' આટલું કહી બાબુલાલે હાથ દેખાડી બાબુલાલની ચેમ્બરમાંથી ફૂટવાનું કહ્યું . રાજુ રદી પગ પછાડતો અને હું બાબુલાલ પર મનોમન ધૂંધવાતો ચેમ્બરની બહાર નીકળ્યા.અમે રેલવેમાં સેકન્ડ કલાસના ડબામાં હડદેલો ખાતાં ખાતા મુંબઇ પહોંચ્યા. અમે કેબ કરીને ઘાટકોપર પહોંચ્યા.અમે કોબ્રાનો ઇન્ટરવ્યુ લીધો.

અમે કિંગ કોબ્રા કુમાર સાથે કરેલ દિલધડક ઇન્ટરવ્યુ વાંચો.

' આવું સાહસ કરાય?' અમે પહેલો સવાલ કોબ્રાકુમારને કર્યો. કોરોનાની સૂચના કરતાં ડબલ ડિસ્ટન્સ મેઇનટેઇન કર્યું .અમે અમારો પરિચય આપ્યો. ઇન્ટરવ્યું લેવાની ઇચ્છા જણાવી. કોબ્રા લાંબોલસ થઇને પડેલ. ઇન્ટરવ્યુંનું નામ સાંભળી ગૂંચળું વળી ફેણ પર ઉંચો થયો. ભોડું આમતેમ હલાવી ફોટાનો એંગલ સેટ કર્યો.

' રિપોર્ટર સાહેબ , મારા એક પ્રશ્રનો સાચો જવાબ આપજો. આજકાલ મિડીયા સાચું ક્યારેક બોલે છે અને જૂઠની ઝપ્પી રોજ રોજ લે છે. મિડીયા કોઇકના ખોળામાં બેસી ગયું છે એમ આ ફલેટના રહેવાસી બોલતા હતા. ' કોબ્રાને માઇક પર બોલવાનો પહેલીવાર મોકો મળ્યો હશે!

' તમે સવાલની જગ્યાએ પ્રસ્તાવના જ કહી. લિધાનસભાની તારાંકિત પ્રશ્રોતરીમાં પૂરક પ્રશ્ર પૂછવા ઉભો થયેલ ધારાસભ્ય પૂરક પ્રશ્ર પૂછવાને બદલે આડીતેડી વાત કરી તારાંકિત પ્રશ્રોતરીનો ટાઇમ બગાડે છે. તમે મૂળ મુદા પર આવો.' વિધાનસભાના સ્પિકર જેમ વિપક્ષી વિધાયકોને વડચકું ભરે તેમ અમે કોબ્રાને ઠમઠોર્યો.

' તમે ,આ તેર માળના બિલ્ડિંગની અગાસી પર ઉપર આવ્યા. તો તમે પગથિયા ચડીને આવ્યા કે લિફ્ટમાં આવ્યા?' કોબ્રા અમારો ઇન્ટરવ્યુ કરી રહ્યો હતો કે શું ?

' ઓબિવિશયલી, અમે લિફ્ટમાં આવ્યા.' અમે જવાબ આપ્યો.

' હવે, તમે જજ કરો કે આપણા બંનેનાથી આળસુનો એદી કોણ? તમે સીડી ચડીને અગાસીએ આવ્યા નહીં . હું પાણીના પાઇપ પર પેટેથી ઘસડાતો ઘસડાતો છેક તેરમા માળની અગાસી પર ચડ્યો . પેટમાં સખળડખળ થવાથી લુઝ મોશન થઇ ગઇ. તમે અજગર એટલે કોબ્રાને આળસુનો એદી કેમ કહો છો? તમારી પાસે કોઇ જવાબ છે?' કોબ્રા ચેસની રમતમાં ચેકમેટ કહેવાય એવી ચાલ ખેલ્યો.

' એ બધું તો બરાબર. પરંતું, તમે અહીં શું કામ ચડ્યા આઇમિન આવ્યા?' અમે મનને મૂંઝવતો સવાલ પૂછયો.
' અમને પગ આઇ મિન પેટ છૂટું કરવાનું મન ન થાય? સેર સપાટા કરવાની ઇચ્છા ન થાય? તમે જંગલ પર કબ્જો કરો અમે શહેર પર કબ્જો ન કરી શકીએ ?' કોબ્રાએ અકાટય સવાલ કર્યો.

' હમ્મ' કહી અમે કોબ્રાને આગળ બોલવા ઇશારો કર્યો. આજકાલ ટીવી ચેનલની ડિબેટમા એન્કર પેનલિસ્ટ પર હાવી થઇ જાય છે. ડિબેટમાં પંચાણુ ટકા એન્કર જ બોલ બોલ કર્યા કરે છે. પેનલિસ્ટને બોલવાનો મોકો જ મળતો નથી. અમે એવા ઇન્ટરવ્યુર નથી!

' તમારે ત્યાં કોઇ અદનાન સામી કરીને સિંગર છે. એનું એક ગીત છે. લિફ્ટ કરા દે.હું જોવા માંગતો હતો કે લિફ્ટ થવામાં કેટલી મજા આવે છે.ખરેખર અહીં જલસે પે જલસા હે. સબ ચંગાસી હે.' કોબ્રાના ચહેરા પર ખુશી છલકાતી હતી.

' હવે શું ઇરાદો છે?' અમે પૂછયું.

' હવે અઠેઠે દ્વારકા . અહીં રહેવું છે.લગ્ન કરવા છે.સંસાર વસાવવો છે. ફકીરની જેમ ઝોલા લઇને સફર અહીંતહીં બહુ કરી. હવે ઠરીઠામ થવું છે. છોકરાને કોન્વેન્ટમાં ભણાવવા-ગણાવવા છે અને સેટ કરવા છે!' કોબ્રાએ તેની ખ્વાહિશ વ્યક્ત કરી.

' વેરી ગુડ એના માટે બેસ્ટ લક.' અમે શુભેચ્છા આપી.

' વેલકમ સર.' કોબ્રાએ સામો વાટકી વહેવાર કર્યો.

' લોકો તમારાથી કેમ ડરે છે?' અમે છેલ્લો સવાલ પૂછયો.

' જુઓ અમે સરિસૃપ છીએ. અમે માણસ જેવા હડકાયા નથી. અમને જે છેડે છે તેને અમે છોડતા નથી. અમે અકારણ કોઇને પણ છંછેડતા નથી. અમે અમારું અસ્તિત્વ બચાવવા સતત સંઘર્ષ કરીએ છીએ. નહિંતર ડાયનોસોરની જેમ લુપ્ત થઇ જઇએ. અમારે માણસ સાથે વેર નથી. પરંતુ, માણસને અમારી સાથે શું વેર છે તેની અમને ખબર નથી!અમારા મોંઢામાં જ ઝેરની પોટલી હોય છે. જ્યારે માણસ આખેઆખો ઝેરનું પોટલું છે. પોતાનું આધિપત્ય જમાવવા સમગ્ર સૃષ્ટિનું નિકંદન કાઢી રહ્યો છે!' કોબ્રાએ તેનો પુણ્યપ્રકોપ ઠાલવ્યો. અમારો ઇન્ટરવ્યુ પૂરો થયો.

પાછા ફરતી વખતે કોબ્રા ઝેરી કે માણસ ઝેરી એ વિચારે અમારા મગજનો કબ્જો કરી લીધો. તમારી પાસે આનો જવાબ હોય તો જણાવજો!

ભરત વૈષ્ણવ

# એનસીઆરબી મુજબ ગુજરાત રાજયમાં આગ થી થતા અકસ્માત માં પાંચ વર્ષ માં ૩૧૭૬ મૃત્યુ




એનસીઆરબી મુજબ વર્ષ ૨૦૨૧ અને ૨૦૨૨ માં આગ થી થતી અકસ્માત ની ૭૨૯ ઘટનાઓ. ★ વર્ષ ૨૦૧૮ થી ૨૦૨૨ દરમિયાન. ગુજરાત રાજ્ય માં આગ થી થતા અકસ્માત ની ૩૧૦૦ ઘટનાઓ. ★ વર્ષ ૨૦૨૧ અને વર્ષ ૨૦૨૨ દરમિયાન આગ થી થતા અકસ્માત થી ૭૩૭ મૃત્યુ. ગુજરાત રાજ્ય માં આગ થી થતા અકસ્માત માં થતા મૃત્યુ ના આંકડાઓ ચોંકાવનારા અને ચિંતાજનક છે. દ્ગઝ્રઇમ્દ્વારા આગ થી થતા અકસ્માત માં વર્ષ ૨૦૧૮ થી ૨૦૨૨ દરમિયાન ગુજરાત રાજ્ય માં ૩૧૭૬ મૃત્યુ થયા છે. છેલ્લા પાંચ વર્ષ માં આગ થી થતા અકસ્માત ની ૩૧૦૦ ઘટનાઓ ઘટી છે. વર્ષ ૨૦૨૧ અને ૨૦૨૨ માં આગ થી થતા અકસ્માત ની ૭૨૯ ઘટનાઓ બની છે. બે વર્ષ માં આગ થી થતા અકસ્માત માં ૭૩૭ લોકો એ પોતાના જીવ ગુમાવ્યા છે. તક્ષશિલા કાંડ સુરત થી ટીઆરપી ગેમિંગ ઝોન કાંડ રાજકોટ સુધી અનેકવાર ગંભીર અકસ્માત જોયા છે અને અનેક પરિવારો એ પોતાના સ્વજન ગુમાવ્યા છે. સરકાર દર વખત એ જીૈં ની રચના કરી ને ચમરબંધી ને છોડવા માં નહિ આવે તેવા રાગ આલાપતા રહ્યા છે અને હરણી બોટ કાંડ ના આરોપી બહાર પણ આવી ગયા છે. કોન્ટ્રાકટર, કર્મચારીઓ અને સિક્યુરિટી ગાર્ડ ને જેલ ભેગા કરી શકાય પણ જે સરકારી કર્મીઓ , કૉર્પોરેશન ના કર્મીઓ , ફાયર વિભાગ ના કર્મીઓ જેમની ફરજ માં જે આવે છે તે ફરજ નથી નિભાવતા અને તેમની ફરજ બેદરકારી ના લીધે ગંભીર અકસ્માતો બને છે. આ પ્રકાર ની જાહેર જગ્યાઓ જયાં નાના ભૂલકાઓ, બાળકો, મહિલાઓ તેમના પરિવાર સાથે જતા હોય તેવી જગ્યાઓ ની સુરક્ષા ની સરકાર રાખવા ની ફરજ તંત્ર ની નથી? આવા સ્થળો ઉપર ફાયર સેફ્ટી ના સાધન છે કે નહિ તે કોણ તપાસસે ? લાંચિયા સરકારી કર્મચારીઓ ઉપર ક્યારે પગલાં લેવાશે? શું તક્ષશિલા કાંડ, મોરબી બ્રિજ કાંડ , હરણી કાંડ માં થી ક્યારેય શીખ નહિ લઈએ? આ પ્રકાર ના કેસ ફાસ્ટ ટ્રેક કોર્ટ માં કેમ નથી ચલાવતા? તંત્ર ક્યાં સુધી આંખ આડા કાન કરશે? ક્યાં સુધી આમ ને આમ નિર્દોષો ના જીવ જશે? શું તંત્ર ને જવાબદારી નું ભાન થશે અને યોગ્ય કાર્યવાહી કરશે ખરા?

# નાગવીરી ગામે મણીનગર ગાદી સંસ્થાનના ગાદીપતિ પ. પૂ. ધ.ધુ. આચાર્ય શ્રી જિતેન્દ્રપ્રિયદાસજી મહારાજશ્રી પધારી આર્શીવચન પાઠવ્યા.


મહેશ એલ.સોની નખત્રાણા

મોટી સંખ્યામાં ભક્ત જનો ઉપસ્થિત રહ્યા.

નખત્રાણા તાલુકાના નાગવીરી ગામે આજે તારીખ ૨૫ /૫/૨૦૨૪ (રવિવાર) ના રોજ સ્વામિનારાયણ ગાદી સંસ્થાન મણીનગર અમદાવાદના પ.પૂ.ધ.ધુ ૧૦૦૮ આચાર્ય શ્રી જીતેન્દ્રપ્રિયદાસજી

મહારાજ શ્રી સહિત સ્વામિનારાયણ સંપ્રદાયના પચાસ જેટલા સંતોએ

શ્રી ગોવિંદભાઈ હિરજીભાઈ લીંબાણીના નવનિર્મિત નિવાસસ્થાને પધરામણી કરી પારાયણનું પઠન કરી આર્શીવચન પાઠવ્યાં હતા.



પ.પૂ.મહારાજ શ્રી એ પોતાનાં આર્શીવચન માં શિક્ષાપત્રીનું મહત્ત્વ સમજાવતા જણાવ્યુ હતું કે કુલ ૨૧૨ શ્લોકમાં શ્રીજી મહારાજશ્રીના સ્વ. હસ્તે લખાયેલ શિક્ષાપત્રીનું હાલના હળાહળ કળયુગમાં જો કોઈ મનુષ્ય આચરણ કરે તો જીવનમાં ક્યારેય દુઃખી થવાનો વારો આવતો નથી.

આ પ્રસંગે ગામના અગ્રણીઓ

શ્રી દેવસીભાઈ માવજીભાઈ લીંબાણી,

શ્રી ડાહ્યાભાઈ માવજીભાઈ લીંબાણી,

શ્રી લખમશીભાઈ દેવજીભાઈ લીંબાણી,

શ્રી સોમજીભાઈ

લીંબાણી, પાટીદાર સમાજનાં પ્રમુખશ્રી શિવજીભાઈ પોકાર, શ્રી ગોવિંદભાઈ ડી .વાસાણી,

શ્રી તુલસીભાઈ વાસાણી, શ્રી ચંદુભાઈ લીંબાણી શ્રી હરિભાઈ નાનજી લીંબાણી,

શ્રી રમેશભાઈ ગોવિંદ ભાઈ લીંબાણી,

શ્રી વિનોદભાઈ લીંબાણી, શ્રી પ્રવીણ ભાઈ લીંબાણી,

ભાવીનભાઈ લીંબાણી સહિત વિશાળ સંખ્યામાં ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

અત્રે ઉલ્લેખનીય છે કે મણીનગર ગાદી સંસ્થાન ના પ.પૂ.આચાર્યશ્રી સહિત સંતોએ આ વિસ્તારમાં સૌ પ્રથમ વખત પગલાં પાડ્યા હતા. કાર્યક્રમને અંતે સમગ્ર ગ્રામજનોએ મહાપ્રસાદનો લાભ લીધો હતો.



રાયગઢ મહાકાલી માતાના મંદિર પ્રટાગણમાં જે લોકોને પગમાં પહેરવા ચપ્પલ નથી બુટ નથી અને સખત ગરમીમાં ખુલ્લા પગે ચાલે છે એવા લોકોને એકદમ નવા બુટ અને ચપ્પલ સંસ્કાર ગુર્જરી ટ્રસ્ટ દ્વારા આપવામાં આવ્યા.ભાજપ ના અગ્રણી શ્રી અતુલભાઈ દીક્ષિતે નાના બાળકો ને ખોળામાં બેસાડી ને વ્હાલથી બૂટ-ચંપલ પહેર્યા .સ્વ.વસુમતીબહેન મુકુંદરાય દીક્ષિત,સ્વ.ભગવતી બેન જયંતીલાલ પંડ્યા, સ્વ. મોતીબેન જમીયતરામ જોષી પરિવાર દ્વારા દાન મળેલ. દાન આપનાર દાતાઓનુ ટ્રસ્ટ દ્વારા આભાર માનવામાં આવ્યો હતો. આ પ્રસંગે મહાકાળી માતાના મહંત શ્રી ઉદય ગીરી મહારાજ, વિશાભાઈ પટેલ, મુંબઈના બિલ્ડર હેમંતભાઈ દીક્ષિત તથા ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા. ગઢ વિસ્તારમાં ૧૫૦ લોકોને બુટ ચંપલ અર્પણ કરવામાં આવ્યા

# અમદાવાદની ગિરધરનગર માધ્યમિક અને હાઈ સેકન્ડરી સ્કૂલના ૨૦૦૭ બેચના વિદ્યાર્થીઓનું સ્નેહ મિલન

અમદાવાદની ગિરધરનગર માધ્યમિક અને હાઈ સેકન્ડરી સ્કૂલના ૨૦૦૭માં ૧૨મું ધોરણ પૂરું કરીને પોત-પોતાના જીવનમાં આગળ વધી ગયેલા ૪૦થી વધુ પૂર્વ વિદ્યાર્થીઓનો સ્નેહમિલન કાર્યક્રમ યોજાયો હતો. શાળા છોડ્યા પછી ૧૭ વર્ષ બાદ વિવિધ ક્ષેત્રોમાં કાર્યરત ૪૦થી વધુ સહાધ્યાયી મિત્રો એકઠા થયા હતા.આ સ્નેહમિલનમાં એન્જિનિયર, ડૉક્ટર, જર્નાલિસ્ટ, આઈટી, વકીલ, ઉદ્યોગ



સાહસિકો, બિઝનેસમેન-વુમન, કલા જગત અને ગૃહિણી એમ તમામ ક્ષેત્રોમાંથી તેમજ વિદેશોમાં સ્થાયી થયેલ મિત્રોનો હાજર પણ રહ્યા હતા. ૮૦ ટકાથી વધુ મિત્રો અમદાવાદમાં જ રહે છે પરંતુ એક સાથે મળવાનો મોકો તેમને પણ ક્યારેય મળ્યો નહોતો. આ મિત્રો સ્કૂલ છોડ્યા બાદ પહેલીવાર અમદાવાદમાં મળ્યા હતા. આ સાથે કેટલાંક વિદેશમાં સ્થાઈ થયેલા મિત્રો પણ ઓનલાઈન મારફતે આ કાર્યક્રમમાં સહભાગી થયા હતા.આ કાર્યક્રમની શરૂઆત ગુરુવંદના દ્વારા કરવામાં આવી હતી. ત્યાર બાદ ગુરુજનોનું સન્માન પણ કરવામાં આવ્યું હતું. વર્ષો બાદ થતા સન્માનથી અમુક ગુરુજનોની આંખમાં હર્ષનાં આંસુ આવ્યાં હતાં. જ્યારે વિદ્યાર્થીઓએ આ પળને મન મૂકીને વધાવી હતી. આ સર્વે મિત્રોએ હાલના પોતાના હોદ્દાને ભૂલીને શાળા સમયની મસ્તી ભરેલી યાદોને પુનઃ માણી હતી અને સંગીત ખુરશી, ક્રિકેટ અને ગ્રૂપ ગેમ્સ જેવી રમતો રમ્યા હતાં. તો સિંગિંગ, ગરબા અને ડાન્સ સાથે ગીત-સંગીતની મહેફિલ પણ જમાવી હતી. એટલું જ નહીં પર્યાવરણના રક્ષણ માટે વધુમાં વધુ વૃક્ષો વાવા જોઈએ એ સૂત્રને સાર્થક કરતા સર્વે મિત્રોએ સ્કૂલમાં ટ્રી પ્લાન્ટેશન પણ કર્યું હતું. અંતમાં સ્વરૂચિ ભોજન લઈને પ્રેમભરી સ્મૃતિઓ સાથે છૂટા પડ્યા હતાં.આમ, તમામ વિદ્યાર્થીઓને પોતાના જુના સહાધ્યાયીઓ અને મિત્રો સાથે જુની મસ્તી-મજાકની વાતોમાં સૌ પરોવાઈ ગયા હતા. આવતા વર્ષે ફરી મળવાના સંકલ્પ સાથે સૌએ વિદાય લીધી હતી.

# બે સંતાનનો પિતા મુસ્લિમ શખ્સ લગ્નના ઈરાદે વડુ ગામની સગીરાને ભગાડી ગયો

સરસ્વતી તાલુકાના વડુ ગામની ઠાકોર જ્ઞાતિની સગીરાને તેના ગામનો જ મુસ્લિમ સમાજનો બે સંતાનનો પિતા લગ્ન કરવાના ઈરાદે ભગાડી ગયો છે.પોલીસ ફરિયાદ કરશો તો જાનથી મારી નાખવાની ધમકી સગીરાની માતાને આપતાં ૫ શખ્સો સામે ફરિયાદ નોંધાઈ છે.વડુ ગામની સગીરાને ગામનો જ બે સંતાનનો પિતા ઐયુબઅલી સુલેમાનભાઈ મૈસમજી(મુમન) તેણીને લગ્ન કરવાના ઈરાદે લલચાવી ફેસલાવી ૧૮ મેના રોજ ભગાડી લઈ ગયો હતો. સગીરાના પરિવાર યુવકના પરિવારને કહેતાં જતાં શોધી આપવાના બદલે ૪ શખ્સોએ પોલીસ ફરિયાદ કરશો તો જાનથી મારી નાખીશું તેવી ધાક ધમકીઓ આપતાં સગીરાની માતાએ આ અંગે વાગડોદ પોલીસ મથકે વડું ગામના ઐયુબઅલી સુલેમાનભાઈ મોસમજી (મુમન), બિસ્કીશબાનુ સુલેમાનભાઈ મોસમજી, મહેરબાન

સુલેમાન મૈસમજી, રસુલભાઈ રહીમભાઈ મૈસમજી અને ઈકબાલભાઈ ડોસનભાઈ મુમન સામે ફરિયાદ નોંધાવી હતી. પોલીસે સગીરાની શોધખોળ હાથ ધરી પરંતુ હજુ સુધી તેની ભાળ મળી નથી. આરોપીઓ રફુચક્કર થઈ ગયા છે.

શોધખોળ માટે એલસીબી,એસઓજીની ટીમો રવાના તપાસ અધિકારી પીઆઇ નિરવકુમાર શાહ એ જણાવ્યું હતું કે સગીરાની શોધખોળ માટે એલસીબી, એસઓજી અને સ્થાનિક પોલીસની ટીમો જ્યાં શંકા છે તેવા સ્થળોએ રવાના થઈ છે. જ્યારે ધમકીની ફરિયાદ મામલે પંચનામું કરવામાં આવ્યું છે. સગીરાની માતા અને તેના ભાઈ સહિતના નિવેદનો લેવાની કાર્યવાહી ચાલી રહી છે.યુવક અને સગીરાનું રહેણાંક નજીક જ છે. સગીરાને ભગાડી જનાર યુવક ટ્રેક્ટર ચલાવે છે.

# આસ્થા સંસ્થા અને બંસી ગ્રૂપ બોટાદ દ્વારા બોટાદમાં રાહતદરે ફૂલસ્કેપ ચોપડા વિતરણ

આસ્થા ચેરીટેબલ ટ્રસ્ટ અને બંસી ગ્રૂપ બોટાદ દ્વારા અનેક સેવાકીય પ્રવૃત્તિઓ કરવામાં આવે છે જેમાં આ વર્ષે અભ્યાસ કરતા કોઈપણ વિદ્યાર્થીઓને મદદરૂપ બનવા રાહતદરે ફૂલસ્કેપ ચોપડા વિતરણ શરૂ કરવામાં આવેલ છે. સંસ્થાને દાન રૂપે સૌજન્ય જાહેરાત સાથે તૈયાર કરવામાં આવેલા ફૂલસ્કેપ ચોપડાનું નહિ નફો નહિ નુકશાનના રાહત દરે વિતરણ કરવામાં આવી રહ્યું છે. જેમાં આજે પ્રથમ દિવસે જ ૫૦૦૦ ચોપડા વિતરણ થયેલ છે. ચોપડા વિતરણ આજે પણ સ્ટોક હશે ત્યાં સુધી બંસી ગ્રૂપ, તાલુકા સેવા સદન સામે, પાળિયાદ રોડ બોટાદ તેમજ આસ્થા ચેરીટેબલ ટ્રસ્ટ, યોગી નગર, પાળિયાદ રોડ, બોટાદ ખાતે વિતરણ કરવામાં આવી રહયું છે. બોટાદના લોકોને વહેલાસર ચોપડા મેળવી લેવા સંસ્થાની અખબારી યાદીમાં જણાવવામાં આવે છે.અમેરિકા ની કવિતાઓ પણ લેજો

# એલ.જી.મેડીકલ કોલેજમાંથી સસ્પેન્ડ કરાયેલા ચાર ડોકટરને લાંબા સમય સુધી બચાવવા પ્રયાસ કરવામાં આવ્યો




અમદાવાદ

અમદાવાદની મ્યુનિ.કોર્પોરેશન સંચાલિત એલ.જી.મેડીકલ કોલેજમાંથી ચાર સિનિયર ડોકટરને કોલેજ કાઉન્સીલે ચાર જુનિયર ડોકટરનુ રેગીગ કરવા બદલ સસ્પેન્ડ કર્યા છે.સસ્પેન્ડ કરવામાં આવેલા ચાર સિનિયર ડોકટરને લાંબા સમય સુધી તંત્ર તરફથી બચાવવા પ્રયાસ કરવામાં આવ્યો હતો.સસ્પેન્ડ કરાયેલા આ ચાર તબીબો જશોદાનગર વિસ્તારની એક ખાનગી હોસ્પિટલમાં ફી સેવા આપવા જતા હોવાની ચર્ચા પણ મ્યુનિસિપલ કોર્પોરેશન વર્તુળોમાં ચાલી રહી છે.એલ.જી.મેડીકલ કોલેજમાં રેગીંગની બનેલી ઘટના બાદ આ બાબતે પ્રાપ્ત થતી માહિતી અનુસાર, માસ્ટર ઓફ સર્જરી વિભાગના જે ચાર સિનિયર ડોકટરોને સસ્પેન્ડ કરવામાં આવ્યા છે.તે એલ.જી.હોસ્પિટલમાં જ ફરજ બજાવતા એક તબીબના કહેવાથી જશોદાનગર વિસ્તારમા આવેલી એક ખાનગી હોસ્પિટલમાં ફી સેવા આપવા જતા હોવાની ચર્ચા ચાલી રહી છે.આ કારણથી જ આ તબીબો તેમના જુનિયર સાથે જે વર્તાવ કરતા હતા એ બાબતને આંખ આડા કાન કરવામાં આવતી હતી.ઉપરાંત પહેલી વખત જયારે જુનિયર તબીબો દ્વારા રેગીંગને લઈ ફરિયાદ કરવામા આવી હતી એ સમયે તેમને ચૂપ કરી દેવામા આવ્યા હતા.બાદમાં જયારે હેરાનગતિ અસહય બની એ સમયે આ જુનિયર ડોકટરોએ તેમના વાલીઓને રેગીંગ થતુ હોવાની જાણ કરી હતી.વાલીઓએ પોતાના સંતાનો સાથે કરવામા આવતા વ્યવહારની રજૂઆત કરતા તંત્ર પાસે કોઈ વિકલ્પ ના બચતા અંતે સસ્પેન્શનની કાર્યવાહી કરવી પડી હતી.ઉચ્ચકક્ષાએથી ભોગ બનનારા વિદ્યાર્થીઓને કહેવામા આવ્યુ છે કે,આ બાબતમાં તમારે કોઈપણ જગ્યાએ ચર્ચા કરવી નહિં.જો તમે ચર્ચા કરશો તો તેને કારણે મુશ્કેલી પડી શકે છે.જેથી આ વિદ્યાર્થીઓ હાલમાં કોલેજમાં પણ સાથે અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ સાથે વાત કરતા પણ ડરી રહયા છે.

# સુરતના કેટલાક ગેમ ઝોનમાં રાતોરાત ફાયર સેફ્ટીના સાધનો મુકી દેવામાં આવ્યા

રાજકોટની દુર્ઘટના બાદ સુરત શહેરના ગેમ ઝોન સામે પાલિકાએ કામગીરી શરુ કરી છે તો બીજી તરફ કેટલાક ગેમ ઝોનના માલિકોએ રાતોરાત ફાયરના સાધનો ખરીદી પાલિકા અને લોકોની આંખમાં ધૂળ નાંખવાનો પ્રયાસ કર્યો છે. જોકે, ગેમ ઝોનના માલિકોએ મુકેલા ફાયરના સાધનો પર આજની તારીખ સ્પષ્ટ જોવા મળે છે તેના કારણે અનેક સવાલ ઉભા થયાં છે. અત્યાર સુધી ફાયરના સાધનો અને એન.ઓ.સી. ન લેનારા સામે પાલિકા ક્યા પ્રકારના પગલાં ભરે છે તેના પર સૌની નજર રહેલી છે.

રાજકોટમાં શનિવારે ગેમ ઝોન માં બનેલી દુર્ઘટના બાદ સુરત શહેરમાં ગેમ ઝોન અને અન્ય સંસ્થામાં ફાયર સેફ્ટી સામે કામગીરી થાય તેવી પુરી શક્યતાના કારણે કેટલાક ગેમ ઝોનના માલિકોએ રાતોરાત ફાયરના સાધનો ખરીદીને ગેમ ઝોન બહાર ગોઠવી દીધા છે અને કલર પણ કરાવી દઈ ગેમ ઝોન દ્વારા ફાયર સેફ્ટીની સુવિધા પહેલાથી જ હોવાનો માહોલ ઉભો કરવાનો પ્રયાસ કર્યો છે.

જોકે, રાજકોટ ની દુર્ઘટના બાદ સુરત પાલિકા અને અન્ય અધિકારીઓની ટીમ દ્વારા ગેમ ઝોનની તપાસ કરવામા આવી છે તેમાં ૬ ગેમ ઝોન મા ફાયર સેફ્ટી ન હોવાનું બહાર આવ્યું છે. જ્યારે એક ગેમ ઝોનમાં ફાયર સેફ્ટીના તમામ સાધનો છે એવું દર્શાવવામાં આવ્યું છે. જોકે, ફાયર સેફ્ટીના જે સાધનો મુકાયા છે તેમાં આજની તારીખ સ્પષ્ટ હોવાથી રાતોરાત સાધનો મુકવામાં આવ્યા છે તે બહાર આવી ગયું છે. જોકે, રોજ હજારો લોકો આવે છે તેવા ગેમ ઝોનમાં આવા પ્રકારની બેદરકારી અને ત્યાર બાદ પાલિકા તંત્રને મૂર્ખ બનાવવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે તેની સામે પાલિકા કેવા પગલાં ભરે છે તેના પર સૌની નજર રહેશે.

Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.